
# Live Like Bond: પહાડો, પતંગિયાં અને પુસ્તકો વચ્ચે રસ્કિન બોન્ડની શાંત દુનિયા

ફાયરવોલ
રાજ ગોસ્વામી




ભારતનાં લાખો બાળકોના પ્રિય બાળ વાર્તાકાર રસ્કિન બોન્ડ હમણાં 92 વર્ષના થયા. તે નિમિત્તે અનેક મીડિયામાં તેમના ઈન્ટરવ્યુ પ્રગટ થયા હતા, લેખો લખાયા હતા. તેઓ ખાસ કરીને કુદરત, પહાડો, બાળપણ, માનવીય લાગણીઓ અને રોજિંદા જીવનની સરળ સુંદરતાને સ્પર્શતી વાર્તાઓ માટે જાણીતા છે.

તેમણે સેંકડો વાર્તાઓ અને બાળકો માટે અનેક પુસ્તકો લખ્યાં છે. તેમને સાહિત્ય અકાદમીનો એવોર્ડ, પદ્મ શ્રી અને પદ્મ ભૂષણ જેવાં સન્માનો પણ મળ્યાં છે. આજે પણ તેઓ ભારતના સૌથી પ્રિય લેખકોમાંના એક માનવામાં આવે છે.

તેઓ આજે લગભગ સાત દાયકાથી વધુ સમયથી સતત લખતા આવ્યા છે. રસ્કિન બોન્ડે લગભગ 17-18 વર્ષની ઉંમરે ગંભીર રીતે લખવાનું શરૂ કર્યું હતું, અને તેમની પ્રથમ નવલકથા The Room on the Roof 1956માં પ્રકાશિત થઈ હતી. તેમની જાણીતી કૃતિઓમાં The Blue Umbrella, A Flight of Pigeons અને Our Trees Still Grow in Dehraનો સમાવેશ થાય છે.

બોન્ડનો જન્મ 19 મે, 1934ના રોજ કસૌલીમાં થયો હતો. સ્કૂલમાં ભણતા હતા ત્યારે તેઓ બહુ સારા વાચક હતા, અને નિબંધો લખતા હતા. પાછળથી તેમના ગમતા લેખકોની નકલ કરવાનું અને લેખક બનવાનું નક્કી કર્યું. તેમને શબ્દોને કાગળ પર ઉતારવાનું, વાક્યો રચવાનું, વાર્તાઓ કહેવાનું ગમતું હતું. પછીથી એમાંથી પૈસા પણ મળવા લાગ્યા.

તેમને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે તમારું લખવાનું રૂટિન કેવું હોય છે, ત્યારે બોન્ડે કહ્યું હતું, ‘ખાસ નથી. બ્રેકફાસ્ટ પહેલાં (સાત વાગે) એક કલાક લખું છું. બે કે ત્રણ પાનાં- 500-600 શબ્દો. સવારનો સમય શ્રેષ્ઠ છે. દિવસે મુલાકાતીઓ ખલેલ પાડે, ડોરબેલ વાગે, પ્રવાસીઓ સેલ્ફી ખેંચાવા આવે. અરજન્ટ કશું હોય તો પછી પણ કામ કરું. હાથેથી જ લખું છું. ટાઈપ કરતાં આવડે છે, પણ ગરદન દુ:ખી જતી હતી. હવે બોલ-પેન કે જેલ-પેનથી લખું છું. ફાઉન્ટેન પેનથી નહીં; હાથ ગંદા થાય છે.’

આ ઈન્ટરવ્યૂમાં તેમના કામ અને જીવન સંબંધી વાતચીત ઉપરાંત, તેમણે એક રસપ્રદ વાત તેમના એકાંતમાં જીવવાની અને કેવી રીતે તેનો પ્રભાવ તેમના સર્જન પર પડ્યો છે તેની કરી હતી. બોન્ડ મસૂરીમાં લેન્ડોર ખાતે Ivy Cottage નામના ઘરમાં રહે છે. તેમણે લગ્ન કર્યા નથી. જીવનભર તેઓ અવિવાહિત રહ્યા છે.

પણ તેઓ એકલવાયા નથી. તેઓ તેમના દત્તક સમાન પરિવાર સાથે રહે છે. ખાસ, કરીને તેમના નજીકના પરિવારજનો અને બાળકો સાથે, જેમની સાથે તેમનો ખૂબ જ ઉષ્માભર્યો સંબંધ રહ્યો છે. તેઓ તેમના લેખોમાં પણ આ ઘર, પરિવાર, બાળકો અને લેન્ડોરના દૈનિક જીવનનો ઘણીવાર ઉલ્લેખ કરે છે. રસપ્રદ વાત એ છે કે તેમની ઘણી વાર્તાઓમાં દેખાતી શાંતિ, વરસાદ, ઝાડ, પહાડ અને નાની માનવીય ક્ષણો, આ બધું તેમના લેન્ડોરના જીવનમાંથી જ ઊગેલું લાગે છે.

તેમણે કહ્યું હતું કે એકાંત અને એકલતામાં ફરક છે; એકાંત તમારી પસંદગી છે અને તમે એમાં ખુશ રહો છો, જ્યારે એકલતા તમારી પર લાદવામાં આવે છે. તેમણે કહ્યું હતું કે ખાસ કરીને એક લેખકને વિચારવા માટે, નિરીક્ષણ કરવા માટે, વાંચવા માટે અને લખવા માટે શાંત સમયની જરૂર પડે છે.

તેમણે તેમના બાળપણની વાત કરતી વખતે એકલતાના અનુભવની પણ વાતો કરી હતી અને કહ્યું હતું કે મસૂરીના પહાડો અને પ્રકૃતિ તેમના સાથીદાર બની ગયા હતા.

તેમનું બાળપણ આદર્શ નહોતું, પણ તે વખતે પણ તેઓ જીવનની અનપેક્ષિતાઓ સામે મજબૂત અને સુખી રહ્યા હતા. બોન્ડ કહે છે, ‘એવું સૌની સાથે થાય છે. સમયની સાથે તમને મુસીબતો અને અકસ્માતોમાંથી ઉભરવાનું આવડી જાય. એ પ્રકૃતિમાં જ હોય છે.’

તેમણે નાની ઉંમરમાં જ પિતાને ગુમાવ્યા હતા. તેને યાદ કરીને તેઓ કહે છે, ‘હું એ વખતે નવ વર્ષનો હતો. તેમનાં લગ્ન તૂટવાના કારણે હું આગલાં બે વર્ષ તેમની કસ્ટડીમાં હતો. તેમણે મને ઘણો સમય અને એટેન્શન આપ્યું હતું. મને ચાલવા લઈ જતા. એ ગયા ત્યારે હું તૂટી ગયો હતો. ઘણા લાંબા સમય પછી મેં જીવનમાં રસ લેવાનું શરૂ કર્યું અને પુસ્તકોના પ્રેમના કારણે હું ખુશ રહેવા લાગ્યો. હું નાનપણથી જ લાંબે સુધી ચાલવા જતો હતો. હું મારી મસ્તીમાં આખો દિવસ ભટકતો હતો. આજે પણ એવું જ છે, પણ હવે પરિવાર છે.’

એકાંતમાં એકલતાનો આનંદ આવે તે જીવનની મોટી સિદ્ધિ કહેવાય. સંગાથમાં પણ એકલતા મહેસૂસ થાય તે સૌથી મોટી નિષ્ફળતા કહેવાય. એકલા રહેવાનું પસંદ કરવું અને લોકો વચ્ચે રહીએ પણ એકલતા મહેસૂસ થવી તેમાં ફરક છે. ઘણા લોકો એકાંતમાં જાતને શોધીને, સર્જનાત્મકતાને ખીલવીને, તરોતાજા થઈને જીવનનો સાર્થક અનુભવ કરે છે.

ઘણા લોકો માટે એકાંત એટલે ખાલી ઘર, શાંતિથી ભરેલો ઓરડો અને ધીમે ધીમે ચડી આવતી ઉદાસી. પરંતુ રસ્કિન બોન્ડ માટે એકાંત એક બંધ દરવાજો નથી; તે તો ખુલતી બારી છે. તેઓ એકલા રહેતા નથી, તેઓ એકાંત સાથે રહેતા શીખ્યા છે.

લેન્ડોરના તેમના નાનકડા ઘરમાં દિવસો કોઈ હડબડાહટમાં પસાર થતા નથી. બારી બહાર ઊભેલું ઝાડ, વરસાદના પહેલા ટીપાં, સવારનું પક્ષી, દૂર પહાડ પર ઊતરતી ધુમ્મસ, આ બધું તેમના માટે વાતચીત કરનાર મિત્રો સમાન છે.

બોન્ડ એકાંતને ભરવાનો પ્રયત્ન કરતા નથી. તેઓ તેને સ્વીકારે છે. તેઓ જાણે છે કે દરેક માણસના જીવનમાં એવી જગ્યાઓ હોય છે જ્યાં અંતે તેણે પોતે જ પ્રવેશવાનું હોય છે. પરંતુ એ જગ્યામાં અંધકાર હોવો જરૂરી નથી. ત્યાં પુસ્તકો હોઈ શકે, જૂની યાદો હોઈ શકે, વરસાદનો અવાજ હોઈ શકે, કોઈ જૂનું ગીત હોઈ શકે.

બોન્ડે Looking for the Rainbow નામના પુસ્તકમાં યોજનાઓ બનાવીને જીવવાની વાતને વ્યર્થ ગણાવી હતી. તેઓ ખુદ એવું જ જીવે છે. બોન્ડ કહે છે;

‘આ ઉંમરે તો હું રોજ એક દિવસ માટે જીવું છું. હવે બહુ આગળની યોજના શક્ય નથી. વહેલા મોડા વિદાય થવાનું છે, પણ હું રોજ લખું છું, મને મજા આવે છે. એ લખાણ કદાચ આવતા વર્ષે પ્રગટ થશે- ખબર નહીં, હું હોઈશ કે નહીં. એટલે, આટલા બધાં વર્ષો પછી પણ લખવા પર કોઈ અસર પડી નથી, કારણ કે મારી સ્મૃતિ સરસ છે. મારે લેખક જ બનવું હતું અને એમાં જ જીવનનિર્વાહ કરવો હતો. નિષ્ફળતાઓ અને મુસીબતો આવી છે, પણ હું ટકી રહું છું. મને પુસ્તકો વાંચવાં અને લખવાં ગમે છે. લખવા-વાંચવાનું થોડું વધુ લાંબું ચાલે તો સારું.’

**રસ્કિન બોન્ડના જીવનનું સૌથી મોટું રહસ્ય આ છે; તેમણે જીવનમાંથી કશું અસાધારણ શોધવાનો આગ્રહ કર્યો નહીં; તેમણે સાધારણ જીવનમાં રહેલી અસાધારણતાને ઓળખી છે. એક વરસાદી બપોર, એક જૂનું ઝાડ, એક પુસ્તકનું પાનું, એક બાળકનું હાસ્ય, કે બારી પાસે બેસીને પસાર થતો સમય- તેમના માટે આ બધું જીવનનું સંગીત હતું**

આજના સમયમાં આપણે સતત અવાજોથી ઘેરાયેલા છીએ- ફોનના, માહિતીઓના, સમાચારોના, ઉતાવળના, લોકોની હાજરીના. છતાં અંદરથી ખાલીપો વધતો જાય છે. બોન્ડ કહે છે કે માણસે થોડો સમય પોતાની સાથે પણ બેસવું જોઈએ. કારણ કે પોતાની જાત સાથે મિત્રતા કર્યા વગર દુનિયાની મિત્રતા અધૂરી રહે છે.

તેમના જીવનમાંથી મળતો સૌથી સુંદર બોધપાઠ કદાચ આ છે: એકાંત એ સજા નથી; જો તેને જોવાની નજર હોય તો તે એક શાંત સાથી બની શકે. જીવનમાં ખુશી ઘણી વાર મોટા પ્રસંગોમાં નહીં, પણ બારી બહાર ઉડતી એક પતંગિયાને નિહાળવામાં છુપાયેલી હોય છે.

અને કદાચ એ જ રસ્કિન બોન્ડના જીવનનું સૌથી મોટું રહસ્ય પણ છે; તેમણે જીવનમાંથી કશું અસાધારણ શોધવાનો આગ્રહ કર્યો નહીં; તેમણે સાધારણ જીવનમાં રહેલી અસાધારણતાને ઓળખી છે. એક વરસાદી બપોર, એક જૂનું ઝાડ, એક પુસ્તકનું પાનું, એક બાળકનું હાસ્ય, કે બારી પાસે બેસીને પસાર થતો સમય તેમના માટે આ બધું જીવનનું સંગીત હતું.

કદાચ આપણે પણ જીવનને સતત દોડીને નહીં, ક્યારેક થોભીને જોવાનું શીખી જઈએ, તો સમજાશે કે સુખ દૂર ક્યાંય નથી; તે ઘણીવાર શાંતિથી આપણી બાજુમાં બેસેલું હોય છે.

# પેટ્રોલ અને પાળેલાં

બોલ્યું-ચાલ્યું માફ
ઉર્વિશ કોઠારી

પેટ્રોલ જ્વલનશીલ પદાર્થ છે, એવું નિશાળમાં ભણવામાં આવતું હતું. પછી છાપાંનાં મથાળાં વાંચીને સમજાયું કે તે સ્વભાવથી જ નહીં, ભાવથી પણ જ્વલનશીલ છે. તેના ભાવ ભડકે બળવાના સમાચાર ઘણી વાર જોવા-જાણ્યા છે. છેલ્લા થોડા સમયથી તે ભડકામાં નવું ઘી હોમાયું છે અને ભડકો વધારે તેજ થયો છે.

જૂના ભારતમાં પેટ્રોલનો ભાવવધારો થાય એટલે સરકાર પર પસ્તાળ પડતી હતી. નવા ભારતમાં પંદર દિવસમાં પેટ્રોલના ભાવ બે-ત્રણ વાર વધી જાય તો પણ ન્યૂઝ એન્કરો ડાહ્યાંડમરાં થઈને ભાવવધારો શા માટે જરૂરી હતો, તેનાથી દેશનું કેટલું ભલું થશે અને સામાન્ય જનતાને કશી અસર નહીં પડે, એ સમજાવવા આવી જાય છે. સરકારના પાળેલાં, સ્વૈચ્છિક રીતે પળાયેલાં, પળાવા ઉત્સુક, પોતે પાળેલાં છે એ સાહેબલોકો રખે ભૂલી જાય એવી અસલામતી અનુભવતાં, સરકારનાં પાળેલાં હોવું એ જ દેશપ્રેમની ટોચ અને જીવનની સર્વોચ્ચ સિદ્ધિ હોય એવું ગૌરવ અનુભવતાં એમ તમામ પ્રકારનાં પ્રાણીઓ પેટ્રોલના ભાવવધારા વિશે ચર્ચા ચાલતી હોય ત્યાં ધસી જાય છે અને દેશપ્રેમની કે ધર્મની દુહાઈ આપીને તેના ભડકાને ઠારવા પ્રયાસ કરે છે. આગથી આગ બુઝાવવી એ જૂના કવિઓનું પ્રિય રૂપક હતું. તેમાં મામલો શરાબની દાહક અસરથી દિલની આગ બુઝાવવાનો હતો, જ્યારે આગળ જણાવેલાંમાંથી કેટલાંક પાળેલાં ભાવવધારા વિશે લોકોના ઉકળાટને પોતાના ઉગ્ર બચાવની આગથી ઠારવાની કોશિશ કરે છે. સામેવાળો ‘કજિયાનું મોં કાળું’ કહીને જતો રહે તો ઠીક.

ભણેલા અને વધુ ભણેલા સમુદાયનો એક વર્ગ એવો છે, જે પેટ્રોલ પાંચસો રૂપિયે લિટર થઈ જાય તો પણ જોઈએ તો મોદી જ, એવી અખંડ ધૂન ચલાવ્યા કરે છે. આવા ‘દેશભક્તો’ની કદર કરવા માટે પેટ્રોલ પંપ પર તેમની અલગ લાઈન હોવી જોઈએ. જ્યાં તે પાંચસો રૂપિયે લીટર પેટ્રોલ પુરાવીને, દેશભક્તિનું ઝળહળતું ઉદાહરણ પૂરું પાડી શકે. કેટલાક વળી કાર વાપરવાને બદલે ચાલતા જઈને વડાપ્રધાનના હાથ મજબૂત કરવાની વાત કરે છે. તેમને બિચારાને એ સમજાતું નથી કે વડાપ્રધાનના હાથ અને વિદેશપ્રવાસો કરી કરીને પગ, તો મજબૂત જ છે, ગમે તેને જેલમાં ખોસી દેવાનું કહો કે ગમે તેની પર રેડ પડાવવાનું કહો, એટલે તરત મજબૂતીના પરચા મળવા માંડશે. ચૂંટણીઓમાં ગોટાળા કરવાનું કહો, લોકોના ધંધા પર દરોડા પડાવીને, એ ધંધો વેચાવીને ભાઈબંધને અપાવવાનું કહો, તો ખબર પડશે કે તેમના હાથ કેટલા મજબૂત અને કેટલા લાંબા છે અને તેને તમારા ટેકાની જરૂર નથી, પણ ચીન કે ટ્રમ્પ નારાજ થવાની સંભાવના હોય એવી સાદી વાત પણ કરવાની કહો, પછી જુઓ મજબૂતી. એક ખુલ્લી પ્રેસ કોન્ફરન્સ કરવાનું ને પત્રકારોના સવાલોના જવાબ આપવાનું કહો પછી જુઓ હાલત.




**આવા ‘દેશભક્તો’ની કદર કરવા માટે પેટ્રોલ પંપ પર તેમની અલગ લાઇન હોવી જોઈએ. જ્યાં તે પાંચસો રૂપિયે લીટર પેટ્રોલ પુરાવીને, દેશભક્તિનું ઝળહળતું ઉદાહરણ પૂરું પાડી શકે**

આવી મુસીબતોમાં અગાઉ જણાવેલા પ્રકારોનાં પાળેલાં મોરચા સંભાળી લે છે. તે કહે છે, અર્થતંત્ર ભલે ખાડે ગયું, પણ ઈટાલીનાં વડાપ્રધાનને સ્વદેશી ચોકલેટ આપીને વટ પાડી દીધો ને. તેમને કોઈ સમજાવે કે સ્ત્રીપુરુષનાં નામને જોડીને બનાવાતા એક નામના મીમને સ્કૂલનાં બાળકો પણ ગંભીરતાથી નથી લેતા, જ્યારે વડાપ્રધાન એ નામવાળી ચોકલેટ, તેમાં નામ સિવાય બીજી કશી ખૂબી ન હોવા છતાં, સાથે લઈ જાય છે, એટલું જ નહીં, પેકેટ પરનું નામ દેખાય એ રીતે ભેટ આપતો ફોટો પણ પડાવે છે. આને કોઈ ઘેલછા કે વિકૃતિ કહી જાય તે પહેલાં જ પાળેલાં જયજયકાર શરૂ કરીને સવાઈ ઘેલછા-વિકૃતિનું પ્રદર્શન શરૂ કરી દે છે. એટલું ઓછું હોય તેમ એકાદ દિવસમાં બીજી કોઈ ગંભીર હકીકત સામે આવે છે જેમ કે, પેટ્રોલનો ભાવવધારો અને ચર્ચાનો પાટો બદલાઈ જાય છે.

પેટ્રોલનો ભાવવધારો આપીને સંતોષ ન થતાં તે લોકોને ઉપદેશ પણ આપે છે. સાદગીનો, કરકસરનો. ગુટખા બનાવતી-વેચતી કંપનીના માલિક જાહેર સભામાં લોકોને તંદુરસ્ત રહેવાનો ઉપદેશ આપે, એવી આ વાત છે, પણ પાળેલાં તરત લાગુ પડી જાય છે, ‘વાહ, વાહ, કેવી મૌલિક વાત કરી દીધી. તેમની તો વાત થાય? આને કહેવાય અસલી નેતાગીરી અને અસલી પ્રતિભા. અમે કંઈ અમથાં તેમનાં પાળેલાં હોઈશું?’

ઘણા લોકોને એવો નિર્દોષ સવાલ થાય છે કે ‘પેટ્રોલનો ભાવવધારો પાળેલાંને નહીં નડતો હોય?’ હિંદુ પેટ્રોલ ને મુસલમાન પેટ્રોલ શરૂ થયું નથી, ત્યાં સુધી આ સવાલ થઈ જ શકે. પરંતુ પાળેલાં હોવા માટે કે પળાવા માટે સૌથી પહેલું પગથિયું તમામ કઠણ પ્રશ્નો પર પૂર્ણવિરામ મૂકી દેવાનું અને ‘મેલડી ઈતની ચોકલેટી ક્યૂં બની?’જેવા સવાલો વિશે પ્રચાર, ચર્ચા ને અજ્ઞાનગોષ્ઠિ કરવાનું છે. એટલે ‘ગણ્યું જે પ્યારાએ પ્યારું, અતિપ્યારું ગણી લેજે’-એવી પંક્તિ પ્રમાણે એવા લોકો પેટ્રોલનો ભાવવધારો અપનાવી લે છે. ‘મને તે નથી નડતો, ને નડે તો પણ એવા સો ભાવવધારા મારા દેશ પર કુરબાન છે’ એવો તેમનો મિજાજ કમ સે કમ સોશિયલ મિડીયા પર તો પ્રગટી જાય છે. સવાલ ફક્ત તેમના પૂરતો હોત, એટલે કે ભાવવધારો ફક્ત તેના બચાવકર્તાઓને જ લાગુ પડે ને ટીકાકારોને લાગુ ન પડે એવી કોઈ તરકીબ હોત તો? પરંતુ તેમના પાલકના નિર્ણયોનો માર બધા લોકોને પડતો હોવાથી દેશની અને દેશવાસીઓની ચિંતા થાય છે.

કાશ, પેટ્રોલને બદલે ચિંતાથી વાહનો ચાલતાં હોત...

## ઈશિતાનું અલકમલક

### કારાવાસમાં પાંગરી એક લવલી લવ-સ્ટોરી



પૂર્વ અપરાધી અભિલાષ હવે જેલર ફિરોઝાની આજીવન કેદમાં.!

‘એકતા કપૂર એટલે કોણ ? ‘એ સવાલનો જવાબ દેવાનો ન હોય . આ એક એવી લેડી છે, જેણે બહુ નાની ઉંમરે ‘સાસ-બહુ’ની સિરિયલો દ્વારા ટેલિવિઝનની દુનિયા પલટાવી નાખી. ટીવીના નાના સ્ક્રિન પર એણે મનોરંજનની મોટી વ્યાખ્યા નવેસરથી લખી. .

એક અતિ સફળ નિર્માતા એવી એકતા હજુ સુધી એકલી છે - કુંવારી છે. એનાં કોઈ ખાસ લવ-લફરાં પણ નથી ગાજ્યાં. એણે હજુ સુધી લગ્ન નથી કર્યા, પણ સરોગેટ્ પદ્ધતિથી એ એક દીકરા રવિની મમ્મી જરૂર બની છે.

એકતા મેરેજ અને લવ વિશે બહુ સ્ફોટક વિચાર ધરાવે છે. તાજેતરમાં જ એણે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું છે :

‘પ્યાર ટાઈમ કી બરબાદી હૈ..બેકાર કી મુસીબત હૈ!’

પ્રેમને સાવ વાહિયાત ગણાવતી એકતા ઉંમરે છે: ‘આજકાલના ટાઈમમાં પ્રેમ ગણાતા સંબંધમાં કોને વિશ્વાસ છે? લવના નામે સામેવાળી વ્યક્તિ તમારો ઉપયોગ કરે છે. એનો સ્વાર્થ પૂરો થતાં પ્રેમ વરાળ થઈન ઊડી જાય છે, આના કરતાં તો તમારા સંતાનને ચાહો-તમારાં કામને પ્રેમ કરો!’

પ્રેમ અને લગ્ન વિશે એકતાના આવા તેજાબી વિચાર આજે સોશ્યલ મીડિયા પર વાયરલ થયા છે તો બીજી તરફ, પ્રેમ નામની લાગણીને ગુણાકાર કરતી એક બીજી ઘટના પણ સારી એવી ચર્ચામાં છે.

મધ્ય પ્રદેશના ‘ઔદ્યોગિક સિટી’તરીકે જાણીતા સાતના શહેરમાં આવેલી સેન્ટ્રાલ જેલમાં એક કેદી હતો અભિલાષ સિંહ નામનો, જે એક સ્થાનિક નેતાની હત્યાના આરોપસર લાંબાં સમયથી સજા ભોગવી રહ્યો હતો. એ દરમિયાન ફિરોઝા ખાતુન ત્યાંની જેલર હતી. આ મુસ્લિમ લેડી જેલર અને હત્યારા હિન્દુ કેદી અભિલાષ વચ્ચે રોજિંદી વાતચીત થતી. જેલર અને કેદીનો સહવાસ લાંબો ચાલ્યો આંખો મળી અને દિલ ધડક્યાં. એકમેક વચ્ચે હુંફાળી લાગણી પ્રગટી. સમય વીતતા ફિરોઝા ‘વોરન્ટ ઓફિસર’માંથી પ્રમોશન પામીને જેલરના હોદે પહોંચી. સારી વર્તણુંકને કારણે અભિકેષની ૧૪ વર્ષની સજા વહેલી પૂરી થતાં એને જેલમાંથી મુક્ત થયો, પણ અભિષેકે હંમેશ માટે ફિરોઝાના ‘કેદી’ બનવાનું નક્કી કર્યું. સામે પક્ષે લેડી જેલરે પણ આ પૂર્વ કેદીને પોતાની અજીવન કેદમાં ‘પૂરવા’ની હા પાડી. ફિરોઝાની હા પછી બન્નેએ આ મહિનાની શરૂઆતમાં લગ્ન પણ કરી લીધા છે. આ સંબંધથી જેલર ફિરોઝાના પરિવારવાળા નારાજ હતા. એમણે એ નિકાહમાં હાજરી ન આપી પછી ’હિન્દુ પરિષદ’ના સભ્યોએ ફિરોઝાનું કન્યાદાન કર્યું !

એક મુસ્લિમ લેડી જેલર અને હિન્દુ હત્યારાની આ લાંબી લવલી લવસ્ટોરીની વાત એકતા કપૂર કે જાણીતા નિર્માતા- દિગ્દર્શક વિપુલ એ.શાહ

(‘કેરલ સ્ટોરી ૧-૨)ને પહોંચાડવી જોઈએ. બની શકે, ‘લવ જિહાદ’ના આજના કકળાટમાં એ બન્નેમાંથી કોઈ એક સ-રસ મજાની પ્રેમકથા સરજી પણ શકે!

### ‘લ ’લલ્લુનો ’લ્’કે પછી..?

‘ઈશિતા’ના બે મનગમતા શબ્દ છે : એક ‘લલ્લુ’ અને બીજો: ‘ડફોળ.’

આવો જ એક ડફોળ થોડા સમય પહેલાં જોવાં મળ્યો મુંબઈની એક લૂંટ વખતે બન્યું એવું કે બોલિવૂડના એક નિર્માતાના ફ્લેટમાં કલર અને રિ-ડોકેરેશનનું કામ ચાલતું હતું એટલે નિર્માતા પરિવાર સાથે કોઈ અન્ય ફ્લેટમાં કામચલાઉ રહેવા ગયા હતા. અહીં માત્ર એમનો એક જૂનો-વિશ્વાસુ માણસ કામ પર ધ્યાન રાખવા રહેતો હતો. નિર્માતાના આ ફ્લેટમાં સારી એવી રોકડ અને સોનું-ઝવેરાત રહે છે એવી પાકી બાતમી એક અપરાધી ગેંગને મળી હતી. એક રવિવારની સુસ્ત બપોરે ફ્લેટમાં ફર્નિચરનાં કામમાં રજા હતી ત્યારે પેલી ગેંગ ફ્લેટ પર ત્રાટકી. નિર્માતાના પેલા વિશ્વાસુ માણસને બંદી બનાવી એક રૂમમાં બાંધીને ધકેલી દીધો પછી કબાટની તિજોરી ખોલી એમાંથી જે હતી એ બધી જ રોકડ રકમ-સોનાના દાગીના તફડાવી છટકી ગયા. થોડી વાર પછી પેલા વિશ્વાસુએ બુમારણ કરી પાડોશીઓને એકઠા કર્યા. પોતાના નિર્માતા માલિકને આ લૂંટની વાત કરી.

પોલીસ આવી ત્યારે જાણ થઈ કે ઘરમાંથી આશરે રૂપિયા ૪૦ લાખની રોકડ તેમ જ સોનાનાં આભૂષણોની લૂંટ થઈ હતી. આસપાસના સીસી ટીવી ફૂટેજ ચેક કરતા જાણ થઈ કે ત્રણ-ચાર લૂંટારુંને ઓળખવા મુશ્કેલ હતા, કારણ કે એમણે ચહેરા પર કોરોના વખતે વપરાતા માસ્ક પહેર્યાં હતા. પોલીસે મકાનમાં કામ કરતા બધા નોકરો અને કારપેન્ટરના કારીગરોને બોલાવ્યા. એ બધાને માસ્ક પહેરીને આવવા કહેલું. એ બધાની ઊલટતપાસ લીધીને આશ્ચર્ય વચ્ચે કારપેન્ટર અને એના બે કારીગર સહિત નિર્માતાના પેલા વિશ્વાસુ ગણાતા નોકરની ધરપકડ કરી. કડક ઊલાટતપાસ આદરી એમાં એ બધાએ વટાણાં વેરી દીધાં. વર્ષો જૂના નોકરને જાણ હતી કે માલિક ફ્લેટમાં આવી જંગી રોકડ રાખે છે. એણે આ બાતમી કારપેન્ટરની આપી, જેણે પોતાના બે કારીગર અને પેલા વિશ્વાસુ નોકર સાથે મળીને લૂંટનુંનાટક કર્યું. આ વાત તો સમજ્યા, પણ ‘આ લોકો જ અપરાધી છે’ એવો શક પોલીસને આવ્યો કઈ રીતે?



વેલ, મકાનના નોકરો- કારપેન્ટર અને એના કારીગરોની પોલીસે ઊલટતપાસ લીધી ત્યારે પોલીસે એમને માસ્ક પહેરીને હાજર થવા કહેલું. એ બધામાંથી એકે જે માસ્ક પહેરેલાં એ જ બ્લ્યુ માસ્ક પોલીસને સીસી ટીવીમાં પણજોવાં મળેલું! એ બ્લ્યુ માસ્કને લીધે આખી લુટારું ગેન્ગ ઝડપાઈ ગઈ. બોલો, આને કહેવાયને લલ્લુ- બેવકૂફ કે ડફોળ!

### ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» દેશમાં થતાં અપરાધોની વ્યવસ્થિત નોંધા સરકાર નિયંત્રિત નેશનલ ક્રાઈમ ‘બ્યૂરો’ રાખે છે. એની આવી છેલ્લી નોંધની વિગત ચિંતાપ્રેરક છે. આ બ્યૂરોએ તાજેતરમાં જે આંકડા જાહેર કર્યા છે એ અનુસાર દેશમાં દર ૧૮ મિનિટે એક બળાત્કારની ઘટના બને છે. એટલું જ નહીં, મહિલા પર અત્યાચારના દર વર્ષે ૪ લાખ ૪૦ હજાર કેસ નોંધાય છે અર્થાત એક કલાકમાં મહિલા પર અત્યાચારના ૫૦ કેસ સત્તાવાર રીતે નોંધાય છે! બળાતકારના જે કુલ ૨૯૫૩૬ કેસ છે એમાં રેપના સૌથી વધુ કેસમાં પહેલે નંબરે છે રાજસ્થાન (૪૮૭૧ કેસ) બીજે સ્થાને છે ઉત્તર પ્રદેશ ( ૩૨૦૯ ) અને ત્રીજા નંબરે છે મહારાષ્ટ્ર ( ૩૦૯૧ ) યાદ રહે, આ સત્તાવાર તાજા આંકડા ૨૦૨૪ના છે અને હજુ વર્ષ ૨૦૨૫ના અપરાધ આંકડાઓનું વિશ્લેષણ થઈ રહ્યું છે.

» અપરાધોની આ આંકડાબાજીની સાથોસાથ આપણાં કારાગાર-ખાસ કરીને ગુજરાતની જેલોની સ્થિતિ પણ જાણી લઈએ તો ગુજરાતમાં નાની- મોટી ગણીને ૨૮ જેલ છે, જેની સત્તાવાર ક્ષમતા ૧૪,૧૦૮ કેદી રાખવાની છે, પણ વધી રહેલી ગુનાખોરીને લીધે અહીં ૧૭૭૬૭ કેદીઓને ગોંધી રખવામાં આવ્યા છે! આમ ક્ષમતા કરતાં ૧૨૫ ટકા વધારે કેદીઓની વિવિધ આંકડાબાજી પણ રસપ્રદ છે, જેની વાત ફરી ક્યારેક!

### ઈશિતાની એલચી

**આ પણ વિધિની કેવી વક્તા છે : વૃક્ષ કરતાં કુહાડીનું આયુષ્ય વધારે હોય છે... !!**